**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૯/૧૦/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૧૨૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી ૨૨૪ લીટર દેશી દારૂ, ૮૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૩૯૨ બિયર ટીન, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ ડાલુ જીપ કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૨૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૧૨૪/૧૫**

**દાણીલીમડા :** જીવણભાઇ નારણભાઇ સોલંકી (ઉ.વ.૫૦)(રહે,ગલી નં-૨૪ ઘરનં-૬૦૨ વઢીયારી વાસ, રામ-રહીમનો ટેકરો દાણીલીમડા) એ તા.૧૯/૧૦/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૧૫ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે જીવણભાઇનાં ભાઇ ઇશ્વરભાઇ નારણભાઇ સોલંકી નાઓનાં ઘર નજીક રહેતાં આરોપી સુરેશભાઇ માવજીભાઇ પરમાર નાઓની મમ્મી લખીબેન સાથે આડા સબંધ હોઇ, તેની અદાવત રાખી, સુરેશભાઇનાએ ઇશ્વરભાઇ સાથે પોતાના ઘર આગળ ઝગડો કરી, ગડદાપાટુ તથા ફેંટોનો માર-મારી, તેમજ માથાના વાળ પકડી,માથુ દિવાલે અથડાવી મુઢ ઇજાઓ કરી ઇશ્વરભાઇનું મોત નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ સમાચાર યાદી નં.૨૧૨૫/૧૫**

| | |
|---|---|
| **સાબરમતીઃ** મંજુબહેન વિનોદભાઈ રાણા (ઉ.વ.૨૧) (રહે.કૈલાશનગર ભીલવાસ, ટોલનાકા, સાબરમતી) તા.૯/૧૦/૧૫ સવારના ૧૧/૩૦ થી બપોરનાં ૪/૩૦ વાગ્યા દરમ્યાન કોઇને કાંઇ કહ્યા વિના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને રંગે ગોરા છે. શરીરે સાડી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ છે.(સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **વટવાઃ** લક્ષ્મીબહેન ઉર્ફે ઉષા લક્ષ્મણભાઇ દાતણીયા (ઉ.વ.૧૬)(રહે.ગુ.હા.બોર્ડ ગુજકો માસુલ પાસે, વટવા રોડ, નારોલ ગામ) તા.૩/૧૦/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઇંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **વટવા:** ઇનારૂલનીશા દિલબહારહુસેન શાહ (ઉ.વ.૧૫)(રહે.અજીજપાર્ક, ચિરાગ એસ્ટેટ પાસે, બેદુજી કોમ્પલેક્ષ પાસે, કેનાલ રોડ) તા.૨/૧૦/૧૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનું સલવાર અને પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **સોલા હાઈકોર્ટ:** સ્નેહાબહેન રાજેશભાઇ ચૌહાણ (ઉ.વ.૧૮)(રહે.મહાત્મા ગાંધી વસાહત, ગોતા હાઉસીંગ, ગોતા) તા.૮/૧૦/૧૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૯ ઈંચ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **વાડજ:** કંકુબહેન રમેશભાઇ વાઘેલા(ઉ.વ.૧૩)(રહે.કબીર ટેકરી, સ્મશાનગૃહ પાસે, જુનાવાડજ) તા.૩/૧૦/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. કેસરી રંગનું ટોપ અને કાળી લેગીઝ પહેરી છે. ઉંચાઈ ૪ ફુટ ૪ ઇંચ છે. (વાડજ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૯૯૬૪૦) |  |

**બિનવારસી લાશ બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૬/૧૫**

| | |
|---|---|
| **રિવરફ્રન્ટ (વેસ્ટ)** : તા.૧૭/૧૦/૧૫ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસને સાબરમતી નદિનાં પશ્ચીમ કિનારે રીવરફ્રન્ટ વોકવે ઘાટ નંબર ૦૮ નજીકથી ૩૫ થી ૪૦ વર્ષના આશરાના પુરુષની લાશ મળી આવી હતી. આ પુરુષે સિલેટીયા વાદળી રંગનું શર્ટ અને છીંકણી રંગનું પેન્ટ પહેર્યુ હતુ. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા હતા. ઉંચાઈ ૫ ફુટ ૪ ઇંચ છે. આ પુરુષના સગાંસબંધીઓને રિવરફ્રન્ટ (વેસ્ટ) પો.સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.(રિવરફ્રન્ટ(વેસ્ટ)પોલીસ સ્ટેશન નં.૨૬૫૭૫૬૪૭) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)